# હિંમતનગરમાં શ્રદ્ધાંજલિ સભા માટે મંજુરી ન મળતા આજથી ઉપવાસ આંદોલન

હિંમતનગર, તા. ૩૦

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન હજુ ધીમુ પડતુ નથી ત્યારે મંગળવારે પાટીદાર અનામત આંદોલનના કન્વીનરે હિંમતનગરમાં મહિલાઓની સભા તથા પાટીદાર મૃતકોને શ્રધ્ધાજંલિ આપવા માટે એલાન કર્યુ હતું. જે સંદર્ભે બુધવારે સાબરકાંઠા જિલ્લાના અનામત આંદોલનના યુવા અગ્રણીને હિંમતનગરમાં પોલીસે ધમકી આપી હોવાનો આક્ષેપ કરી તે અંગે અધિક કલેકટરને રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે હિંમતનગર તાલુકાના દલપુર ગામના રવિ પટેલે બુધવારે જિલ્લા કલેકટરને સંબોધીને કરેલી રજુઆતમાં જણાવ્યુ હતું કે હું બુધવારે ૧૦ વાગ્યાના સુમારે મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીમાં સભા યોજવા સંદર્ભે ગયો હતો ત્યારે ત્યાં અગાઉથી જ પોલીસનો કાફલો ખડકી દેવાયો હતો.

દરમિયાન અહીં ઉપસ્થિત એડીવીઝનના પી.આઇ. ડોડીયાએ રવિ પટેલને ધક્કામુક્કી કરી આંદોલન છોડી દેવા ધમકી આપી હતી. તેમજ તા.૪ ઓકટોમ્બરના રોજ હિંમતનગરમાં જો કોઇ કાર્યક્રમ યોજીશ તો ગોળી મારી દઇશ તેવી ધમકી પણ આપી હોવાનું લેખિત રજુઆતમાં જણાવ્યુ હતું.

બીજી તરફ રવિ પટેલે પાટીદાર અનામત આંદોલન સાબરકાંઠાના એકમ દ્વારા એવુ નક્કી કરાયુ હતું કે જો તા.૪ ઓકટોમ્બરે યોજાનાર શ્રધ્ધાજંલિ સભા માટે વહીવટી તંત્ર મંજુરી નહિ આપે તો ગુરૂવારે સવારથી જ સમિતિના ૧૦ સભ્યો કલેકટર કચેરી આગળ ઉપવાસ પર બેસશે. જેથી તેના માટે વહીવટી તંત્રએ મંજુરી આપવા વિનંતી કરી હતી.

## વડાલીમાં પેકેજના વિરોધમાં લોલીપોપ વહેંચાઈ

વડાલી, તા. ૩૦

પાટીદાર અનામત આંદોલન સંદર્ભે રાજય સરકાર દ્વારા તાજેતરમાં પેકેજ જાહેર કરાયુ છે. પરંતુ તેનાથી પાટીદાર સમાજને સંતોષ ન હોવાને કારણે બુધવારે વડાલીમાં પાટીદાર યુવાનો દ્વારા વાહન ચાલકોને લોલીપોપ આપી પેકેજનો વિરોધ જાહેર કરાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે રાજય સરકાર દ્વારા અનામત સંદર્ભે જાહેર કરાયેલ પેકેજ અપુરતુ અને પાટીદારોને ગુમરાહ કરનારું છે ત્યારે બુધવારે બપોરે વડાલીમાંથી પસાર થતા અમદાવાદઅંબાજી માર્ગ પર આવેલ રેપડી માતાના મંદિર પાસે પાટીદાર યુવાનોએ એકઠા થઇ વાહન ચાલકોને લોલીપોપનું વિતરણ કર્યુ હતું.

## સાબરકાંઠાના સ્વાસ્થ્ય સંવેદના સેના પ્રોજેક્ટને એવૉર્ડ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોને આરોગ્ય માતૃ બાળ કલ્યાણ, રસીકરણ, નવજાત શિશુની કાળજી સહિત અન્ય અવસ્થા દરમિયાન કાળજી લેવા સહિત અન્ય પાસાઓ પર ઓડીયોવિડીયોના માધ્યમથી જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા કર્મચારીઓને એન્ડ્રોઇડ ટેબલેટ અપાયા હતા. અકલ્પનિય કામગીરી અંતર્ગત તાજેતરમાં નવી દિલ્હી ખાતે સંવેદના સેના પ્રોજેકટ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ કામગીરી કરતી સ્કોચ સંસ્થા દ્વારા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ. અને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનિષ ફેન્સીને સ્કોચ ઓર્ડર ઓફ મેરિટનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ એવોર્ડ માટે દેશમાંથી એક હજારથી વધુ સંસ્થાઓએ દાવેદારી કરી હતી. જે અંતર્ગત દસ પ્રોજેકટની થયેલી પસંદગીમાં સાબરકાંઠાને આ એવોર્ડ મળ્યો છે.

# મોડાસામાં પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૫૯૯ લાભાર્થીઓને ૮૪ લાખની લોનના ચેક વિતરણ કરાયા

મોડાસા, તા. ૩૦

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાનનો કાર્યભાર સંભાળતાની સાથે જ ભારતમાં વસતા સામાન્ય માનવી આર્થિક રીતે સ્વનિર્ભર બને તેવી



ઉમદા ભાવના અને સંકલ્પ સાથે માનવ સુખાકારીને પ્રાધાન્ય આપી અનેકવિધ કેન્દ્ર સરકારની યોજનાઓનું અમલીકરણ કર્યુ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા ટાઉનહોલ ખાતે પ્રધાનમંત્રી મુદ્રા યોજના અન્વયે દેના બેંક દ્વારા મેગા ક્રેડિટ કેમ્પ અંતર્ગત મુદ્રા લોનનો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આશરે ૫૯૯ લાભાર્થીઓના ખાતાઓ ખોલી રૂ. ૮૪ લાખના ચેકનું વિતરણ કરાયું હતું.

અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકે દીપ પ્રાગટ્ય કરતાં જણાવ્યું હતું કે, જિલ્લાના તમામ જરૂરિયાતમંદ - સામાન્ય માનવી આ યોજનાના લાભ લઈ સ્વનિર્ભર બની આર્થિક રીતે સમૃદ્ધ થશે. વધુમાં બેંકના અધિકારીગણને અપીલ કરતાં કહ્યું હતું કે, આ યોજનાનો લાભ વધુ ને વધુ લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવા જોઈએ. સાથે સાથે જે લાભાર્થી આ યોજનાથી અજાણ લોકોને પણ સંદેશો પહોંચાડી વધારે પ્રચાર-પ્રસાર કરે તો જ સમગ્ર જિલ્લાનો વિકાસ થશે.

જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલે જેનું કોઈ નથી તેના માટે આ મુદ્રા યોજના છે તેમ જણાવી નાના-મધ્યમ પ્રકારના ધંધા-રોજગાર માટેની આ જામીન વગરની યોજનાનો લાભ લઈ બેંકના હપ્તા નિયમિત ભરશે તો આ ત્રણ પ્રકારની યોજનાનો લાભ મેળવી શકશે. પટેલે બેંક અધિકારીઓને જે લાભાર્થી લોન લેવા આવે ત્યારે તેમના ઘરે શૌચાલય છે કે નહિં શૌચાલય ના હોય તો સરકારની સહાયથી બનાવવા અનુરોધ કર્યો હતો. જ્યારે ગાંધીનગર ઝોનલ દેના બેંકના મેનેજર ચિત્રાકિર્તિવાસને લાભાર્થીઓને કેન્દ્ર સરકારની આ મુદ્રા લોન તકનો લાભ લેવા જરૂરિયાતમંદ લોકો તેમજ ખાસ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બને તેમ જણાવ્યું હતું.

લીડ બેંકના મેનેજર અનુપભાઈ પટેલે પ્રધાનમંત્રી મુદ્રા યોજના અન્વયે વડાપ્રધાન દ્વારા ઉત્પાદન, સેવા, નાના વ્યવસાય અને વેપાર હેઠળ આવનાર નાની બિઝનેશ પ્રવૃત્તિઓને લોન પ્રદાન કરવા માટે તા. ૮-૪-૨૦૧૫ના



રોજ શરૂ થઈ છે જે અંતર્ગત શિશુ રૂ. ૫૦ હજાર કિશોર ૫૦ હજારથી ૫ લાખ અને તરુણ ૫ લાખથી ૧૦ લાખ સુધીની લોન સહાયની વિસ્તૃત વિગતો આપી હતી.

આ પ્રસંગે મોડાસા, ધનસુરા, મેઘરજ, માલપુર, ભિલોડાના દેના બેંક મેનેજરો ઉપરાંત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પાટણમાં 'ઈન્ડો-ભૂતાન એક્સચેન્જ પ્રોગ્રામ' અંતર્ગત ત્રિ-દિવસીય કાર્યક્રમ યોજાશે

ડીસા, તા.૩૦

ભૂતાન એટલે હિમાલય પર વસેલો દક્ષિણ એશિયાનો એક નાનકડો અને મહત્વપૂર્ણ દેશ . આ દેશ ચીન (તિબેટ) અને ભારત ની વચ્ચે સ્થિત છે. આ દેશનું સ્થાનીક નામ દ્રુક યુલ છે, જેનો અર્થ થાય છેઁ,ગરજતા ડ્રેગનનો દેશ ત્યારે આ નાનકડા દેશની ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ સૌ પ્રથમ મુલાકાત લીધી હતી. અને ત્યારથી જ ભારત અને ભૂતાનના સબંધો શૈક્ષણિક ,સામાજિક, સંસ્કૃતિક, રમતગમત, સહીત મજબુત બને તે રીતે ના પ્રયાસો થઇ રહ્યા છે, ત્યારે હવે પ્રથમ વખત ભૂતાન ની ગેડું કોલેજ ના ૪૭ વિદ્યાર્થીઓ અને ૪ પ્રોફેસર પાટણ સ્થિત હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી ખાતે ત્રિદિવસીય કાર્યક્રમ 'ઇન્ડો ભૂતાન એક્સચેન્જ પ્રોગ્રામ પાટણ ૨૦૧૫'



કાર્યક્રમ માં ભાગ લેવા આવી રહ્યા છે. જે અંગેની વિગત વાર માહિતી આપવા પાટણ યુનીવર્સીટી ના કુલપતિ ડો.રતનલાલ ગોદારા ના અધ્યક્ષ સ્થાને એક પ્રેસ કોન્ફરન્સ મળી હતી. જેમાં ભૂતાન સ્થિત ગેડું કોલેજ ના પ્રોફેસર એસ એમ ગોમ્સ પણ ઉપસ્તીત રહી પત્રકારોને માહિતી આપી હતી.

રોયલ યુનીવર્સીટી ઓફ ભૂતાન 'સંલંગ 'ગેડું કોલેજ ઓફ બિજનેસ સ્ટડીજ 'ના ૨૮ વિદ્યાર્થી અને ૧૯ વિદ્યાર્થીનીઓ તેમજ ૪ પ્રોફેસર ભૂતાન થી આજે રાત્રે અમદાવાદ ખાતે પહોચશે.જેઓ આવતીકાલે પાટણ ના યુનીવર્સીટી ના વિદ્યાર્થીઓ સાથે બાસ્કેટબોલ, આર્ચરી, સહીતની રમત રમશે, ત્યારબાદ પાટણ યુનીવર્સીટીમાં ચાલતા અભ્યાશક્રમ વિષે માહિતી મેળવશે અને ભારતીય શિક્ષણ વ્યવસ્થા સમજાશે ,ત્યારબાદ આગામી ૨ જી ઓક્ટોમ્બરે પાટણ ના વિદ્યાર્થીઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ ભૂતાનની સંસ્કૃતિ રજુ કરશે તો સામે ભારતના ગુજરાતી ગરબા, નાટકો પણ રજુ કરશે પાટણ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ, ત્યારબાદ પાટણ ની 'રાની ની વાવ 'કે જે સમગ્ર વિશ્વની વિરાસત છે તેની તેમજ સહ્સ્ત્રલીંગ સરોવર, પાટણના પટોળા, ને પણ આ વિદ્યાર્થીઓ નિહાળશે. તો ત્રણ તારીખે આ વિદ્યાર્થીઓ મોઢેરા સ્થિત સૂર્ય મંદિર પણ મુલાકાત માટે જશે ,

એમ ઓ યુ ગત વર્ષે થયા હતા, જેમાં 'A C E S' એટલેકે એકેડેમિક, કલ્ચલર, એજયુકેસન ટુર, અને સ્પોર્ટ્સ 'નો સમાવેશ કરાયો હતો. અને જે મુજબ આ કાર્યક્રમ યોજાશે. 'ઈન્ડો ભૂતાન, શાશ્વત મૈત્રી દરમ્યાન સંગીત અને પેપર પ્રેજન્ટેશન પણ યોજાશેમ ભૂતાનમાં વર્તમાન સ્થીતીમાં હાલ ૨ યુનીવર્સીટી અને ૧૧ કોલેજો આવેલી છે જે ભારતીય શિક્ષણ પધ્ધતિ મુજબ જ શિક્ષણ કાર્ય કરી રહી હોવાનું પ્રોફેસર ગોમ્સે જણાવ્યું હતું, ભૂતાનની રાષ્ટીય રમત આર્ચરી છે. અને ત્યાના વિદ્યાર્થીઓને માસિક વૃતીકાની સાથે સાથે શિક્ષણ વ્યવસ્થા મફ્ત છે, ખાસ કરીને ભૂતાન ભારતનું મિત્ર રાષ્ટ્ર છે ત્યારે બંને દેશો વચ્ચે આ પ્રકારની મૈત્રી વધે તેવું પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ પણ માની રહ્યા છે, ત્યારે પાટણ યુનીવર્સીટીની આ પહેલથી ગુજરાત અને ભારતનું ગૌરવ પણ વધશે તો આ કાર્યક્રમ થી પાટણ હેમચંદ્રાચાર્ય યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ પણ આગામી દિવસોમાં ભૂતનની મુલાકાત લેશે.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલી સરસ્વતિ બાલમંદિર મંડળ સંચાલિત વી.એચ. શાહ પ્રાથમિક શાળા અને અરવલ્લી જિલ્લા પત્રકાર પ્રેસ પરિષદના ઉપક્રમે દેશની આઝાદી માટે નાની વયે પ્રાણના બલિદાન આપનારા વિર શહીદ ભગતસિંહની ૧૦૮મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા પરિવાર, વિદ્યાર્થીઓ અને પત્રકાર પરિષદના સદસ્યો દ્વારા વિર શહીદ ભગતસિંહની પ્રતિમાને પુષ્પ અર્પી પુષ્પાજલિ દ્વારા જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષ જોષી, નાનાલાલ પ્રજાપતિ, જેસીઝ મીલ્ક કમીટીના ચેરમેન નવનીત પરીખ, શ્રીનાથ કો.ઓપ. બેંકના ચેરમેન સુરેન્દ્રભાઈ શાહ, નગરપાલિકા કારોબારી અધ્યક્ષ શૈલેષભાઈ ભોઈ, વિનુભાઈ પટેલ, રીજીમોન થાઈ અને પત્રકાર પરિષદના ઉપપ્રમુખ ભરતભાઈ પરમાર, જિલ્લા પ્રભારી શૈલેષ પંડ્યા, હાર્દિક પટેલ, અતુલ પરમાર અને નિકેશ વાળંદ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા વિર શહીદ ભગતસિંહના સુત્રોચ્ચાર પોકાર્યા હતા.

## હિંમતનગરમાં મહિલાને ત્રાસ આપી મારી નાખવાની ધમકી અપાતા પાંચ વિરુદ્ધ ફરીયાદ

હિંમતનગરના પોલીસ હેડ કવાટર્સમાં રહેતી એક મહિલાને પાંચ પરિવારજનોએ મંગળવારે શારીરિક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં પાંચ જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. કરજણ તાલુકાના ઓસલામ ગામના ચેતનાબેન મનીષકુમાર ચાવડા પરિવાર સાથે હિંમતનગરના હેડ કવાટર્સમાં આવેલ બ્લોક નં.૩ અને રૂમ નં.૩માં રહે છે. જયાં ચેતનાબેનને અવારનવાર ગમે તે કારણોસર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

# શ્રાદ્ધ પર્વનો પ્રારંભ થતાં જ અરવલ્લીમાં શુભકાર્યો પર બ્રેક : દૂધની માંગમાં વધારો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં બુધવારથી ભાદ્રપક્ષ માસનો કૃષ્ણપક્ષ શરૂ થઈ ગયો છે. તેને હિન્દુ સંસ્કૃતિમાં શ્રાદ્ધપક્ષ અથવા મહાલય પક્ષ કહેવાય છે. ભાદરવી સૂદ પુનમથી ભાદરવી અમાસના ૧૬ દિવસ શ્રાદ્ધના દિવસો હોવાથી મોટેભાગે શુભ માંગલીક પ્રસંગો પર બ્રેક વાગી ગઈ છે. પિતૃઓને દૂધપાકનું તર્પણ શરૂ થતાં શ્રાદ્ધપક્ષથી દૂધની માંગમાં વધારો થયો છે. કાગડાઓને ખીર અર્પણ કર્યા પછી જ તર્પણ કાર્ય પૂર્ણ થતુ હોવાથી શ્રાદ્ધપક્ષમાં કાગડાઓની બોલબાલા વધી ગઈ છે.



અરવલ્લી જિલ્લામાં બુધવારથી શ્રાદ્ધ પર્વેનો પ્રારંભ થતાં જ શુભ કાર્યો પર અંકુશ આવી ગયો છે. જેના કારણે વાહનો ખરીદી, જમીન લે-વેચ, મકાન-દુકાનની ખરીદી ઉપર પાબંધી આવી ગઈ છે. તદઉપરાંત અન્ય શુભકાર્યો પર પણ બ્રેક વાગી જતાં વેપારીઓ માટે શ્રાદ્ધપર્વના દિવસોમાં ધંધા રોજગાર ઠપ્પ થતાં વેપારીઓ મુશ્કેલીમાં મુકાશે. જિલ્લામાં શ્રાદ્ધપક્ષમાં દૂધની માંગ વધવાની સાથે જ ભાવ પણ વધ્યા હોય તેમ લિટરે ૪૮નો ભાવ રૂ. ૫૦ સુધી પહોંચી ગયો છે. અને જિલ્લામાં શ્રાદ્ધપક્ષમાં દૂધની ખીરનું મહત્વ હોવાથી દૂધની માંગમાં વધારો થતાં પહેલા શ્રાદ્ધ પક્ષથી જ જિલ્લામાં દૂધની માંગમાં વધારો થતાં દૂધ મેળવવા માટે મુશ્કેલી સર્જાઈ હતી. પ્રજાજનો ખીર બનાવવા માટે પશુપાલકો પાસેથી દૂધ ખરીદવાનું મુનાસીબ માનતા ગામડાઓમાં પશુપાલકો દ્વારા દૂધમાં લીટરે ૨ રૂ. વધારો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ચોંકાવનારી રીતે શ્રાદ્ધ માસમાં કાગડાની સંખ્યા નહિવત હોવાથી અને અમુક શહેરી વિસ્તારોમાંથી કાગડાઓ અદશ્ય થઈ જતાં પિતૃતર્પણ સમયે અનેક પરિવારો ધરતી છત પર અને ધાબા ઉપર દૂધ ખીર રાખી કાગોવાસ કરતા પહેલા દિવસથી નજરે ચડતા હોવા છતાં કાગડાઓ આકાશમાં કે આજુબાજુમાં ન દેખા દેખા પિતૃ તર્પણ કરનાર પ્રજાજનો માટે મુસ્કેલીમાં વધારો થઈ રહ્યો છે.

# તલોદ ગામમાં નજીવી બાબતે પરિવારના સભ્યોને માર માર્યો

હિંમતનગર, તા. ૩૦

તલોદ ગામમાં અગાઉની અદાવત રાખી ગામમાં જ રહેતા કેટલાક લોકોએ મંગળવારે ભેગા મળી એક જ પરિવારના ચાર સભ્યોને માર મારતા તેમને સારવાર લેવાની ફરજ પડી હતી. જે અંગે તલોદ પોલીસ સ્ટેશનમાં સાત વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઇ છે.

આ અંગે મળેલ વિગત મુજબ તલોદ ગામના રહીશ દિનેશભાઇ ડાહ્યાભાઇ ચાવડાનો પુત્ર મયુર ઉર્ફે મોન્ટુ સોમવારે મંદિરે દર્શને જતો હતો. દરમિયાન રસ્તામાં શનાભાઇ ગાભાભાઇ વાલ્મિકી, પ્રકાશભાઇ વાલ્મિકી, સચીન ભાણો તથા જીગરે મયુરને ઉભો રાખી અગાઉની અદાવતને ધ્યાને લઇ ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઇ જઇ માર માર્યો હતો. જે અંગેની જાણ દિનેશભાઇને થતાં તેઓએ આવી પુત્ર મયુરને છોડાવ્યો હતો. છતાં હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજી તરફ મંગળવારે સાંજે મયુર તેના કાકા બળદેવભાઇના ઘરેથી પરત આવી રહ્યો હતો ત્યારે પ્રફુલભાઇ અરખાભાઇ, મનુભાઇનો જમાઇ તથા અન્ય એક વ્યકિતએ મયુરને ઉભો રાખીને ગાળો બોલી માર્યો હતો. ત્યારે દિનેશભાઇ, તેમના પત્નિ તથા દિકરી શર્મિષ્ઠાબેન વચ્ચે પડી છોડાવવા જતા દિનેશભાઇની પત્નિ તથા તેમની દિકરી શર્મિષ્ઠાબેનને મૂઢ માર મારતા ઈજાઓ થઇ હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તોને તલોદ સિવિલ લાવ્યા હતા. જયાંથી હિંમતનગર ખસેડાયા છે.

ઘટના અંગે દિનેશભાઇએ તલોદ ગામના જ સાત શખ્સો વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી બનાવની વિસ્તૃત તપાસ હાથ ધરી છે.



## કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ મા અંબાની પૂજા અર્ચના કરી

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભાદરવી પૂનમે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીએ માતાજીની ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ મા અંબેના દર્શને ભાદરવી મહામેળા પ્રસંગે લાખો યાત્રિકો આવે છે. તેમણે કહ્યું કે યાત્રિકોની સુવિધા માટે અંબાજી દેવસ્થાન દ્વારા વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. પરિણામે યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે જણાવ્યું કે અંબાજી મુકામે ૫૧ શક્તિપીઠના મંદિરોનું નિર્માણ થતાં અંબાજીની ઓળખ અને મહિમા હવે વિશ્વસ્તરે ભવ્ય બની છે. તેમણે કહ્યું કે આપણું રાજ્ય અને દેશ માતાજીના આશીર્વાદથી વિશ્વફલક પર સમૃદ્ધ અને શક્તિશાળી બને તે માટે માતાજીને પ્રાર્થના કરીએ. આ પ્રસંગે અંબાજી મંદિરના વહીવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટ અને વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ મા અંબેની ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી

પાલનપુર, તા. ૩૦

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભાદરવી પૂનમે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવાએ સાંજે ૭ વાગ્યે માતાજીની આરતીમાં ભાગ લઈ મા અંબેની ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવાએ મિડીયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં ૩૩ કરોડ દેવી-દેવતાઓની પૂજા થાય છે. તેમણે કહ્યું કે ગુજરાત નસીબદાર છે કે દેવાધિદેવ મહાદેવનું સોમનાથનું મંદિર, ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકા અને અરવલ્લીની ગિરીમાળાઓમાં આદ્યશક્તિમાં મા અંબાનું શક્તિપીઠ આવેલું છે. તેમણે કહ્યું કે ૫૧ શક્તિપીઠોમાં અંબાજી કરોડો માઈભક્તોની ભક્તિ અને શ્રદ્ધાનું પવિત્ર કેન્દ્રસ્થાન છે. એટલે જ ભાદરવી મહામેળા પ્રસંગે દર વર્ષે ૩૦ થી ૩૫ લાખ યાત્રીકો અંબાજી દર્શનાર્થે આવે છે. અધ્યક્ષશ્રી વસાવાએ માતાજીની પૂજા-અર્ચના કરીને કહ્યું કે ગુજરાત તમામ ક્ષેત્રોમાં ઝડપથી પ્રગતિ કરે અને રાજ્ય સમૃદ્ધ તથા શક્તિશાળી બને તેવી માતાજીને પ્રાર્થના કરૂ છું. મેળા પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર અને આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ સુંદર કામગીરી બદલ તેમણે વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે અંબાજી મંદિરના વહીવટદાર શ્રી જી.પી. બ્રહ્મભટ્ટ અને વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.